# સત્સંગ સમાચાર

## ગુણાતીત સ્વરૂપોનાં જીવન અધ્યાત્મદર્શન અને સત્સંગલાભ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી ગુણાતીત સ્વરૂપોનાં જીવન અને બ્રાહ્મીસ્થિતિનાં માહાત્મ્યદર્શન પામવાનો લહાવો પ્રાપ્ત થયો. મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં જીવનમાહાત્મ્યનાં ગાન બાદ સંતોએ ૧૪ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામી અને બ્રહ્મસ્વરૂપ કૃષ્ણજી અદાનાં જીવન તથા અધ્યાત્મબોધ અંગે લાભ આપ્યો. સ્વયં સંતભગવંત સાહેબજીએ પણ અદ્‌ભુત આશિષ પાઠવી સમજ આપી. સાધુ પૂ. બિમલદાસે અને માણાવદરથી સાધુ પૂ. અશોકદાસે બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામી તેમજ સાધુ પૂ. અર્પિતદાસે અને સાધુ પૂ. પંકજદાસે બ્રહ્મસ્વરૂપ કૃષ્ણજી અદાનાં જીવન અને કાર્યોની સુંદર વાતો કરી.

૨૧ ડિસેમ્બરના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં જીવનમાહાત્મ્યની અને પ્રેરણાદાયી પ્રસંગોની વાતો સાધુ પૂ. પીટરદાસ દ્વારા કરવામાં આવી. ૨૨ ડિસેમ્બરના રોજ અનુપમ મિશન, યુ.કે.થી સાધુ પૂ. હિંમતદાસજી અને સતીશભાઈ ચતવાણીએ આફ્રિકા તથા ઈંગ્લેંડમાં યોગીજી મહારાજે કરેલાં વિચરણ, નિર્મિત કરેલાં મંદિરો અને સત્સંગનાં અલૌકિક કાર્યો અંગે મહિમાગાન કર્યાં.

૨૫ થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન સાધુ પૂ. મનોજદાસજીએ યૂટ્યુબના માધ્યમથી સત્સંગસભામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં જીવનવર્તન દ્વારા વહેલ આધ્યાત્મિક સંદેશને પ્રસ્તુત કર્યો તેમજ યોગીજી મહારાજના જીવનપ્રસંગો અને જીવનભાવનાના હાર્દને, સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવને દૃષ્ટાંત દઈને સમજાવ્યા જેથી આધ્યાત્મિક સાધનામાં સૌને બળ અને સચોટ માર્ગદર્શન પ્રાપ્ત થયાં.

૧ જાન્યુઆરી ૨૦૨૧-નૂતનવર્ષ મંગલ સભામાં સદ્‌ગુરુ સંતો પૂ. મનોજદાસ, પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા. ભગવાનના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજીમાં મનની વૃત્તિ અખંડ રાખી, તેમનાં સંબંધી સૌમાં નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખી, મહિમાથી સેવા કરવાની આહલેક જગાવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ આશિષ પ્રદાન કરી સંપ, સુહૃદભાવ, એક્તાથી એકમના થઈ, ભગવાનની ભક્તિ કરવાની સમજ આપી. ◆

## અઠવાડિક ગુરુસભામાં સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા પર્વ

૩૧ ડિસેમ્બર ૧૮૦૧ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવોના કલ્યાણ સારુ સૌરાષ્ટ્રના ફણેણી ગામે 'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો તે દિવસે ગુરુવાર હતો ! વર્ષ ૨૦૨૦ની ૩૧ ડિસેમ્બરે પણ ગુરુવાર હોવાના સંજોગને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યોજાતી યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષ પર્વ સ્વરૂપે યૂટ્યુબના માધ્યમથી ઊજવી યુવાનોએ ભક્તિ અદા કરી.

આ પ્રસંગે પ્રિ-રૅકોર્ડડ સંવાદ પ્રસ્તુત કરાયો, જેમાં રામાનંદ સ્વામીના અંતર્ધાન, સહજાનંદ સ્વામી દ્વારા 'સ્વામિનારાયણ' મહામંત્રના ઉદ્‌ઘોષ, શીતળદાસજીને સમાધિ તથા તેમને વ્યાપકાનંદ સ્વામી સ્વરૂપે અપાયેલ દીક્ષા આદિ પ્રસંગોને અદ્‌ભુત રીતે વર્ણવવામાં આવ્યા. આ સંવાદનાં લેખન, સૅટ ડિઝાઈન, વિડિયોગ્રાફી, સાઉન્ડ રેકોર્ડિંગ, એડિટિંગ આદિ સંતોનાં માર્ગદર્શને યુવાનોએ જ કર્યાં. આ સંવાદનાં દર્શન પામી સૌને ખૂબ આનંદ પ્રાપ્ત થયો. ત્યારબાદ સાધુ હાર્દિકદાસે ચોટદાર વક્તવ્ય દ્વારા 'સ્વામિનારાયણ' મહામંત્રના જાપની સાચી રીત બતાવી પ્રગટ મંત્રના પ્રતાપને વર્ણવ્યો, જેને માણી સૌ અત્યંત પ્રસન્ન થયા.

આ પ્રસંગે પ્રતિષ્ઠિત ગાયક કલાકાર શ્રી અભિજિત ઘોષાલના સુમધુર કંઠે ગવાયેલ મહામંત્ર અનુષ્ઠાન જપયજ્ઞને અનુપમ મિશનના ઓડિયો વિભાગ દ્વારા સંગીતબદ્ધ કરવામાં આવ્યો. આ મહામંત્ર જાપના ઑડિયો આલ્બમનું સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે મુક્તાર્પણ કરવામાં આવ્યું, જેને અનુપમ મિશનની વૅબસાઈટ અને ઍપ્લિકેશન દ્વારા સૌને ઉપલબ્ધ કરાવવામાં આવ્યું.

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ સાધુ પૂ. યજ્ઞેશદાસ અને સાધુ પૂ. પરેશદાસનાં માર્ગદર્શને યુવાનોએ સંપ, સુહૃદભાવ અને એકતાથી કરેલી સુંદર સેવાને બિરદાવી તથા દરેક પરિસ્થિતિમાં - સુખમાં અને માની લીધેલા દુ:ખમાં પણ ધાર્યું ધણીનું થાય છે તેવો ભાવ રાખી, સદૈવ 'સ્વામિનારાયણ' મહામંત્રનો આધાર લેવાની પ્રેરણા આપી.

વર્ષ ૨૦૨૦ના આ અંતિમ દિવસે સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી નૂતન વર્ષની સૌને શુભેચ્છાઓ પાઠવી ભક્તિની સમજ આપી. અને ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ આશ્રિતજનો પર વરસાવેલી અનન્ય કૃપાનાં દર્શન કરાવી અદ્‌ભુત માર્ગદર્શન આપ્યાં તેમજ 'સ્વામિનારાયણ' મહામંત્રને સદાય ઉપાયભૂત કરવાના ભાવને દૃઢ કરાવ્યો. ◆

## પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી અમૃતપર્વ

૨૭ ડિસેમ્બરના રોજ હરિધામ, સોખડાના વરિષ્ઠ સાધુ કોઠારી પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના અમૃતપર્વે અંતરની શુભેચ્છાઓ ! ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીની સેનાના સેનાપતિ અને સાધુરત્ન પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી બહુગુણસંપન્ન છતાં અત્યંત નિર્માની ! તેઓ દાસત્વનું અદ્‌ભુત સ્વરૂપ ! સંતભગવંત સાહેબજી સહિત સૌ ગુણાતીત સ્વરૂપો પ્રત્યે તેઓને અપ્રતિમ નિષ્ઠા અને પૂજ્યભાવ ! ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞાથી સાહેબજીએ વલ્લભવિદ્યાનગરના કૉલેજના યુવાનો માટે અઠવાડિક સત્સંગસભા શરૂ કરી તેના તેઓ સભ્ય હતા, જેની દિવ્ય સ્મૃતિ તેઓ આજે પણ વાગોળે છે અને સાહેબજીએ કરેલાં જતન, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા આદિ સંતો સાથેના મૈત્રીભાવ અને આત્મીયતાનાં સંસ્મરણોની સ્મૃતિ કરે છે.

ગુરુદેવ યોગીજી મહારાજે પ્રેમસ્વરૂપ સ્વામીજીને પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીની સાથે જ દીક્ષા આપી. યોગીબાપા પછી પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને ગુરુ તરીકે સ્વીકારી, તેઓના અનન્ય દાસ થઈને રહ્યા. પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીની નેતૃત્વશક્તિ અપ્રતિમ છે! હરિધામના સત્સંગ વિકાસમાં તેઓનું પ્રદાન અદ્‌ભુત છે. સૌને પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના સ્વરૂપનાં દર્શન કરાવી, ભક્તિસંપન્ન સમાજની રચનામાં પાયાનું અકલ્પ્ય કામ તેઓએ કર્યું છે. આવા આદર્શ સાધુ પ્રેમસ્વરૂપ સ્વામીજીને અમૃતપ્રાગટ્ય મંગલ અવસરે અનુપમ મિશન પરિવારના સંતો-અક્ષરમુક્તો અનંત વંદન ધરી, નિરામય દીર્ઘ-આયુ માટે પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ ધરે છે ! ◆

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ૨૭ ડિસેમ્બર, રવિવારના રોજ કોવિડ-૧૯ અનુસંધાને અમલમાં મુકાયેલ આદેશોનું પાલન કરીને મર્યાદિત સંખ્યામાં શ્રી વડતાલધામ પદયાત્રા યોજાઈ. સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. શ્રેયસદાસ આદિ સંતોના સાંનિધ્યે સ્થાનિક યુવાનોએ પદયાત્રા રૂપી ભક્તિ અદા કરી. બ્રહ્મજ્યોતિ, મોગરીના નૂતન મંદિરે ધૂન કરી વહેલી સવારે પદયાત્રાનો આરંભ થયો. વડતાલ મંદિરે પહોંચી, શણગાર આરતીનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. સમસ્ત ગુણાતીત સમાજના સૌ સંતો-અક્ષરમુક્તોની સુખાકારી તથા નિરામય સ્વાસ્થ્ય માટે શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ સમક્ષ ધૂન-પ્રાર્થના કરવામાં આવી. ◆

## શ્રદ્ધાંજલિ



**પૂ. નિષ્કામજીવનદાસ સ્વામી (ગુરુજી) :** ગુરુદેવ યોગીજી મહારાજના પ્રસાદીભૂત સાધુ, જેમણે સાંકરદા કેન્દ્રમાં રહી, પ્રભુ ભજી અનેક મુક્તોને સત્સંગનું સુખ આપ્યું તેવા વડીલ સંતવર્ય પૂ. નિષ્કામજીવનદાસ સ્વામી (ગુરુજી) ૨૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ અક્ષરધામ સિધાવ્યા. પૂ. નિષ્કામજીવનદાસ સ્વામીજીએ ગુરુદેવ યોગીજી મહારાજના હસ્તે દીક્ષા પ્રાપ્ત કરી અને પછી પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના આશરે જીવન વ્યતીત કર્યું. તેઓને સંતભગવંત સાહેબજી માટે પહેલેથી જ ખૂબ પૂજ્યભાવ, એટલે જ જ્યારે તેઓ યોગીબાપા પાસે ભાગવતી દીક્ષા લેવા ગયા તે પહેલાં સંતભગવંત સાહેબજીનાં દર્શનાર્થે, આશિષ પ્રાપ્ત કરવા વલ્લભવિદ્યાનગર પધાર્યા હતા. તેઓએ પ.પૂ. પપ્પાજી, પ.પૂ. કાકાજી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી આદિ સૌ ગુણાતીત સ્વરૂપોને રાજી કર્યા. સદૈવ નિર્બંધ રહી, માયાતીત અવસ્થામાં જીવી, કેવળ પ્રભુમાં જ બંધાઈને તેઓ આદર્શ જીવન જીવ્યા. સાધુની મર્યાદા, નિર્દોષબુદ્ધિની ભાવના સેવી કોઈ પણ પ્રકારનો આગ્રહ રાખ્યા વગર કેવળ પ્રાર્થના સ્વરૂપે સૂચન કરી સાંકરદા કેન્દ્રની અનેક જવાબદારીઓનું અપ્રતિમ સંચાલન તેઓએ કર્યું. પ.પૂ. અક્ષરવિહારી સ્વામીના સ્વધામગમન બાદ તેઓના અનુગામી તરીકે તથા સાંકરદા કેન્દ્રના નેતા સ્વરૂપે પૂ. નિષ્કામજીવનદાસ સ્વામીજી નિમાયા. તેઓનું જીવન પ્રત્યેક સાધક માટે દીવાદાંડી રૂપ બની રહ્યું. આવા અદભુત સાધુને વિદાયવેળાએ અનંત વંદન ! ◆



**પૂ. દિનકરદાદા દેસાઈ (નવસારી) :** ૩૧ ડિસેમ્બરે ૯૭ વર્ષની વયે પૂ. દિનકરદાદા અક્ષરધામ નિવાસી થયા. અંતિમ શ્વાસ સુધી પ્રભુમાં મસ્ત રહીને જીવ્યા. ગુણાતીત સમાજના દરેક કેન્દ્રોની, દાસભાવે, અપેક્ષા રહિત, માહાત્મ્યથી અને કેવળ પ્રભુ-પ્રસન્નતાર્થે છૂપી સેવાઓ કરી. તેઓએ સ્વાતંત્ર્ય સેનાની, નવસારી વિભાગના M.L.A. રહી સમાજસેવાનાં કાર્યો કર્યાં. અનુપમ મિશનનાં સેવાકાર્યોમાં પણ વખતોવખત તેઓના સહકાર પ્રાપ્ત થયા. પ.પૂ. પપ્પાજી અને સાહેબજીના વચને જીવનપર્યંત તેઓએ ખૂબ સેવાઓ કરી. તેઓના દીકરા પૂ. પીયૂષભાઈ અને પરિવારનાં સૌને આ ગુણવારસો આપ્યો. આવા સેવાહૃદયી દિનકરદાદાને વંદના ! ◆